પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર,
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલરૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail :cp-spl-vad@gujarat.gov.in

## જાહેરનામું

ક્રમાક- જી/સીપી/વિ.શા./મ.ન.પા/ચૂંટણી/ ૫૪૪ /૨૦૨૧, તા૩૧/૧/૨૦૨૧

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧)(છ) અન્વયે કાઢેલો હુકમ.**

રાજય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ નો કાર્યક્રમ પરિપત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૭)-૦૧૨૦૨૧-ક તા.૨૩/૦૧/૨૦૨૧થી જાહેર કરેલ છે તે મુજબ વડોદરા શહેરમાં મહાનગરપાલિકાની મતદાનની તા.૨૧/૦૨/૨૦૨૧ તેમજ મત ગણતરીની તા.૨૩/૦૨/૨૦૨૧ નકકી કરવામાં આવેલ તથા તાલુકા/ જિલ્લા પંચાયત ની મતદાનની તા.૨૮/૦૨/૨૦૨૧ તેમજ મત ગણતરીની તા.૦૨/૦૩/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે.જેને લક્ષ્યમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને હાલ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ ને અનુલક્ષીને રાજય ચૂંટણી આયોગ બહાર પાડેલ ચૂંટણી આચારસંહિતાની જોગવાઈઓના અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું ડૉ.શમશેર સિંઘ (આઇ.પી.એસ) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧)(છ) થી મને મળેલ સત્તાની રુએ નીચે જણાવેલ વિસ્તારમાં તા.૦૧/૦૨/૨૦૨૧ થી તા.૧૫/૦૨/૨૦૨૧ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ.

**:: કૃત્યો ::**

(૧) જે છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો.

કોવિડ-૧૯ અન્વયે ગૃહ મંત્રાલય તથા ગૃહ વિભાગ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ રાજય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ તથા બહાર પાડવામાં આવનાર વખતો- વખતની ગાઈડ લાઈનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**અમલવારીનો સમય**

**આ હુકમ તા.૦૧/૦૨/૨૦૨૧ થી તા.૧૫/૦૨/૨૦૨૧ સુધી અમલમાં રહેશે.**

**અમલવારીનો વિસ્તાર**

**વડોદરા શહેર પોલીસ કમિશ્નરના હકુમત હેઠળના વિસ્તારમાં યોજનાર મહાનગરપાલિકા તેમજ જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી હેઠળના વિસ્તારમાં,**

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈપીસી કલમ-૧૮૮ મુજબ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::-વિજ્ઞપ્તિ-::

હું આથી આદેશ આપું છું કે ,આ હુકમની નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવી ,તેમજ આકાશવાણી અને દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તા૩૫૦૧ /૨૦૨૧ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

(ડૉ. શમશેર સિંઘ)
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

પ્રતિ,
(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીઓ(નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ.)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો ધ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

જયભારતસહ નકલ રવાના :-
(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૪) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી કલેકટરશ્રીની કચેરી, વડોદરા શહેર,વડોદરા.
(૫) ચૂંટણી આચારસંહિતા અમલીકરણ અધિકારીશ્રી, તથા નોડલ અધિકારીશ્રીઓ
(૬) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૮) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૯) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૦) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૧) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૨) પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.,વડોદરા.
(૧૩) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા.(ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારુ).
(૧૫) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૧૬) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૭) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૮) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.